# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-10-2026** **Evening: 7.50 TO 8.00**
**Day: WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેર સેવામાં આજે 25 વર્ષ પૂર્ણ. પ્રધાનમંત્રીએ લોકોના વિશ્વાસ અને ગત 25 વર્ષના અનુભવને સૌથી મોટી સંપત્તિ ગણાવી.

2) સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વારાણસીથી વડનગર સુધીની સેવાયાત્રાનું ગુજરાતના વડનગરમાં સમાપન –વિકસિત રાષ્ટ્ર બનાવવાના ચોક્કસપણે સાકાર થનારા સ્વપ્નના સંકલ્પને ઝીલી લેવા કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણનો અનુરોધ.

3) ભારતીય રિઝર્વ બેંકે ફુગાવાને કાબૂમાં લેવા પોલિસી રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો કરતાં રેપો રેટ વધીને 5.5 ટકા થયો.

4) યુક્રેનમાં રશિયાની મિસાઇલો અને ડ્રોનના હુમલામાં 19 નાગરિકોના મોત અને 60 લોકો ઇજાગ્રસ્ત.

5) હેનરી બી. કાગન અને કેન્સો સોઆઈને 2026ના રસાયણશાસ્ત્રના નોબેલ પુરસ્કારની જાહેરાત.

*****************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# FUR REV PM - VIKSIT BHARAT SANKALP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું  કે લોકોનો વિશ્વાસ અને લાખો પાર્ટી કાર્યકરોનું સમર્પણ તેમની સૌથી મોટી તાકાત રહી છે. આજે નવી દિલ્હીમાં વિકાસિત ભારત સંકલ્પ સભામાં શ્રી મોદીએ કહ્યું કે તેમણે આજે સવારે શ્રી વિનાયક મંદિરે જઈને  દેશ અને તેના 140 કરોડ  અબજ નાગરિકોની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે લોકો તરફથી તેમને મળેલો વિશ્વાસ અને છેલ્લા 25 વર્ષોમાં તેમણે મેળવેલો અનુભવ તેમની સૌથી મોટી સંપત્તિ છે.

(બાઇટ - પીએમ - 25 વર્ષ)

પ્રધાનમંત્રીએ કહ્યું કે વર્તમાન સરકારની નીતિઓ તમામ નાગરિકોની સમસ્યાઓના ઉકેલ શોધવા પર કેન્દ્રિત છે.

# PM- INTEACTION GSMA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'ઇન્ડિયા મોબાઇલ પરિષદ' (IMC) 2026 અગાઉ નવી દિલ્હીના 'સેવા તીર્થ' ખાતે 'ગ્લોબલ સિસ્ટમ ફોર મોબાઇલ કોમ્યુનિકેશન્સ એસોસિએશન' ના બોર્ડ સભ્યો સાથે સંવાદ કર્યો.

GSMA એ મોબાઇલ ઇકોસિસ્ટમને એક કરતી વૈશ્વિક સંસ્થા છે, જે મોબાઇલ ઓપરેટરો અને મોબાઇલ ઇકોસિસ્ટમ તેમજ સંબંધિત ઉદ્યોગોની સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે.

# PM-ARTICLE UDAY KOTAK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક ઉદય કોટકનો એક લેખ શેર કર્યો છે. જેમાં શ્રી કોટક પ્રધાનમંત્રીના 25 વર્ષના નેતૃત્વમાં ભારતમાં ઉદ્યોગ, ઉદ્યોગસાહસિકતા અને ઉત્પાદન માટે અનુકૂળ વાતાવરણ વિશે લખે છે.

આ લેખમાં ભાર મૂકવામાં આવ્યો છે કે સુધારા, માળખાગત સુવિધાઓ અને ઉત્પાદન, સેમિકન્ડક્ટર, સંરક્ષણ અને ડીપ ટેકનોલોજીમાં નવી પહેલો દેશની નવી ઔદ્યોગિક ક્ષમતાઓનું નિર્માણ કરી રહી છે.

# RAJNATH INDIA ECONOMY

સરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે વૈશ્વિક સંકટ હોવા છતાં ભારત વિશ્વની ટોચની પાંચ અર્થવ્યવસ્થાઓમાં સ્થાન જાળવી રાખે છે. ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં 'વિકસિત ભારત સંકલ્પ સભા'ને સંબોધતા શ્રી સિંહે જણાવ્યું કે સરકારનો ઉદ્દેશ્ય ભારતને વિકસિત દેશ બનાવવાનો છે. તેમણે કહ્યું કે જો પશ્ચિમ એશિયાનું સંકટ સર્જાયું ન હોત, તો અર્થવ્યવસ્થાના કદની દ્રષ્ટિએ ભારત વિશ્વના ટોચના ત્રણ દેશોમાં સામેલ હોત.

# GUJ-VARANASI TO VADNAGAR SEVA YATRA

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગૌરવશાળી, સમૃદ્ધ, આત્મનિર્ભર અને વિકસિત ભારતનું નિર્માણ થઈ રહ્યું છે

ગુજરાતમાં મહેસાણાના વડનગરમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આયોજિત 'વારાણસીથી વડનગર સેવા યાત્રા'ના ભવ્ય સમાપન સમારોહને સંબોધતા કહ્યું કે શ્રી મોદીની દૂરદર્શી નીતિઓ અને પ્રયાસ દ્વારા 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું સ્વપ્ન ચોક્કસપણે સાકાર થશે. તેમણે સૌને રાષ્ટ્રની સેવા માટે જીવવાનો અને આ સંકલ્પને સાથે મળીને સાકારકરવાનો સામૂહિક સંકલ્પ લેવા અનુરોધ કર્યો.

(બાઈટ – શિવરાજ સિંધ ચૌહાણ)

# SIBI GEORGE - ITALY

વિદેશ મંત્રાલયમાં પશ્ચિમી બાબતોના સચિવ સિબી જ્યોર્જે નવી દિલ્હીમાં ઇટાલિયન વિદેશ મંત્રાલય અને આંતરરાષ્ટ્રીય સહકાર મંત્રાલયમાં G-7, G-20, ટ્રાન્સનેશનલ થ્રેટ્સ અને ઇન્ટિગ્રેટેડ સ્ટ્રેટેજીના ડિરેક્ટર પાઓલો મારી સાથે  મુલાકાત કરી. શ્રી મારી નવી દિલ્હીમાં ભારત-ઇટાલી સંયુક્ત કાર્યકારી જૂથ પર આતંકવાદ વિરોધી બેઠકની સહ-અધ્યક્ષતા કરવા માટે ભારતની મુલાકાતે છે.

# UP- ABE MEMORIAL VARANASI

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે વારાણસીના રુદ્રાક્ષ આંતરરાષ્ટ્રીય કન્વેન્શન સેન્ટર ખાતે આબે મેમોરિયલ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું અને તેને યુવા પેઢી માટે "જીવંત વર્ગખંડ" ગણાવ્યો. આ પ્રસંગે, તેમણે કહ્યું કે જાપાનના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શિન્ઝો આબેને શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ એ હશે કે દરેક આવનારા વર્ષ સાથે ભારત-જાપાન મિત્રતાને વધુ મજબૂત બનાવવામાં આવે.

# RBI

દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરતી વખતે ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું કે સમિતિએ દેશના વાસ્તવિક GDP દરમાં 40 બેસિસ પોઈન્ટનો વધારો એટલે કે 7.1 ટકા થવાનો પણ અંદાજ લગાવ્યો છે. કેન્દ્રીય બેંકે નાણાકીય વર્ષ 2026-27 માટે ફુગાવાનો અંદાજ વધારીને 5.2 ટકા કર્યો છે.

ભારતીય રિઝર્વ બેંકે આજે વધતા જતાં ફુગાવાને કાબૂમાં લેવા પોલિસી રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો વધારો કરતાં રેપો રેટ વધીને 5.5 ટકા થયો. RBIએ વર્તમાન વૈશ્વિક અને ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે આ નિર્ણય કર્યો છે. અગાઉ, ફેબ્રુઆરી 2023માં રેપો રેટમાં વધારો કરાયો હતો.

# GST COUNCIL- MEETING

GST પરિષદની 57મી બેઠક આવતીકાલે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં GST કાઉન્સિલની બેઠકમાં GST વિવાદોના ઉકેલ માટે નીતિગત સુધારાઓ અને ઇનપુટ ટેક્સ ક્રેડિટના પ્રવાહમાં સુધારો કરવા પર ચર્ચા કરવામાં આવશે, જેનો ઉદ્દેશ્ય પાલનનો સમય અને ખર્ચ ઘટાડવાનો છે. નાણા મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે સરકાર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) સિસ્ટમમાં સુધારાના આગામી સેટ માટે પાંચ-પાંખિયાવાળી યોજના પ્રસ્તાવિત કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM 25 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. "જનસેવા દ્વારારાષ્ટ્રની સેવા"ના મંત્ર દ્વારા સંચાલિત તેમની યાત્રા અતૂટ સમર્પણ અને પ્રતિબદ્ધતા દ્વારા ચિહ્નિત થઈ છે. આજે, અમારી ખાસ શ્રેણીમાં, અમે લખપતિ દીદી યોજના વિશે માહિતી આપી રહ્યા છીએ

(કેપ્સ્યુલ –હિના મોદી {સમરજીત લખપતિ દીદી})

કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા અને તેમની આવક વધારવાના ઉદ્દેશ્યથી લખપતિ દીદી યોજના લાગુ કરવામાં આવી રહી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી મહિલાઓને વિવિધ ટકાઉ આજીવિકા પ્રવૃત્તિઓ દ્વારા વાર્ષિક ઓછામાં ઓછા એક લાખ રૂપિયા કમાવવા સક્ષમ બનાવવાનો છે. મહિલાઓને કૌશલ્ય તાલીમ, નાણાકીય સહાય, ધિરાણ સુવિધાઓ, ઉદ્યોગસાહસિકતા માર્ગદર્શન અને બજાર જોડાણ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે હવે દેશભરમાં છ કરોડ લખપતિ દીદી બનાવવાનું લક્ષ્ય છે.

(બાઇટ – પ્રધાન મંત્રી)

**અમે ત્રણ કરોડ બહેનોને લખપતિ દીદી બનાવવાનું લક્ષ્ય રાખ્યું હતું, અને અમે તે લક્ષ્યને પાર કરી દીધું છે. હવે અમે છ કરોડ લખપતિ દીદી બનાવવા માટે આગળ વધી રહ્યા છીએ. ત્રણ કરોડ નવી લખપતિ દીદી બનાવવાનો અર્થ ગ્રામીણ અર્થતંત્રમાં મોટો ફેરફાર છે. મહિલા શક્તિનો યુગ આવવાનો છે.**

**મહારાષ્ટ્રમાં પરભણી જિલ્લાનાં શિલ્પા દેશમુખે આકાશવાણી સાથેની વાતચીતમાં પોતાના અનુભવ રજૂ કર્યાં.**

**(બાઇટ - શિલ્પા દેશમુખ)**

***(ડ્રોને મને એક અનોખી ઓળખ આપી છે અને મારું ઉત્પાદન વધાર્યું છે. આનાથી મારી વાર્ષિક આવક એક લાખ રૂપિયાથી વધુ થઈ ગઈ છે. એટલા માટે હવે હું ફક્ત ડ્રોન દીદી તરીકે જ નહીં, પણ લખપતિ દીદી તરીકે પણ જાણીતી છું.)***

**લખપતિ દીદી એ ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણ દ્વારા પરિવારો, ગામડાઓ અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવા તેમજ વિકસિત ભારત માટેના સંકલ્પને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પહેલ છે. છત્રપતિ સંભાજીનગર થી**

**સમરજીત ઠાકુર, સાથે હિના મોદી પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ**

# RUSSIA-UKRAINE CONFLICT

રશિયાની મિસાઇલો અને ડ્રોન દ્વારા કિવ અને અન્ય ઘણા બધા યુક્રેનના પ્રદેશોમાં હુમલો કરવામાં આવ્યો, જેમાં ચાર બાળકો સહિત 19 નાગરિકોના મોત થયા છે અને લગભગ 60 લોકો ઇજાગ્રસ્ત બન્યા છે.

રાષ્ટ્રપતિ વ્લોદિમીર ઝેલેન્સકીએ કહ્યું રશિયાએ એક મોટો અને ઇરાદાપૂર્વકનો હુમલો કર્યો છે. અને રશિયન બેલિસ્ટિક મિસાઇલોનો સામનો કરવા માટે યુક્રેનને તાત્કાલિક વધુ હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ, ખાસ કરીને પેટ્રિઓટ મિસાઇલોની જરૂર છે.

# INDIA-RUSSIA-UKRAINE WAR

રશિયાએ યુક્રેન સંઘર્ષના ઉકેલમાં યોગદાન આપવાની તૈયારી બદલ ભારતનો આભાર વ્યક્ત કર્યો છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું કે મોસ્કો કટોકટીનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવાના હેતુથી વિચારો રજૂ કરવાની નવી દિલ્હીની તૈયારીની પ્રશંસા કરે છે.

યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ તુર્કી, ઇજિપ્ત અને અમેરિકા તરફથી મળેલા પ્રસ્તાવો સાથે કિવ દ્વારા મળેલા ચાર પ્રસ્તાવોમાં સંભવિત યુદ્ધવિરામ માટેના ભારતના પ્રસ્તાવને સૌથી વ્યાપક ગણાવ્યા બાદ તેમનું નિવેદન આવ્યું છે

# NOBEL PRIZE-CHEMISTRY

2026નો રસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર ફ્રેન્ચ રસાયણશાસ્ત્રી હેનરી બી. કાગન અને જાપાની રસાયણશાસ્ત્રી કેન્સો સોઆઈને આપવાની જાહેરાત કરવામાં આવી. અસમપ્રમાણ કાર્બનિક સંશ્લેષણમાં બિન-રેખીય અસરો અને ઓટોકેટાલિસિસની તેમની અગ્રણી શોધ બદલ આ બંને  રસાયણશાસ્ત્રીને નોબલ પુરસ્કાર અપાશે.

રોયલ સ્વીડિશ એકેડેમી ઓફ સાયન્સિસે આજે જણાવ્યું હતું કે કાગન અને સોઆઈએ એક સદી જૂનું રહસ્ય ઉકેલ્યું છે કે પરમાણુ અસમપ્રમાણતા, અથવા હોમોકાયરાલિટી, પ્રકૃતિમાં સ્વયંભૂ કેવી રીતે ઉભરી શકે છે.

# WATER GOVERNANCE CASE STUDY

ગુજરાત અને દેશના વિવિધ પ્રદેશોમાં પાણી વ્યવસ્થાપન પર એક વ્યાપક અભ્યાસ આજે કર્ણાટકના IIM બેંગલુરુ ખાતે શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયના પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગના સચિવ અશોક કુમાર મીણાની હાજરીમાં યોજાયો હતો.

# BADMINTON-ARCTIC OPEN

બેડમિન્ટનમાં, ભારતીય પુરુષ ડબલ્સ જોડી કૃષ્ણ પ્રસાદ ગરાગા અને પૃથ્વી કૃષ્ણામૂર્તિ રોય આજે ફિનલેન્ડના વંતામાં  રમાઈ  રહેલી આર્કટિક ઓપન સુપર 500 ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પહોંચી ગયા છે.

તેમણે  ચીનના પાંચમા ક્રમાંકિત ખેલાડીઓ હી જી ટિંગ અને રેન ઝિયાંગ યુને 10-21, 21-18, 22-20થી હરાવ્યા

મહિલા સિંગલ્સમાં પી.વી. સિંધુએ કેનેડાની વેન યુ ઝાંગને 21-8, 21-11થી હરાવીને પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં  આને તન્વી શર્માએ પણ તાઈવાનની ચિયુ પિન ચિઆનને 21-15, 21-17થીહરાવીને બીજા રાઉન્ડમાં સ્થાન મેળવ્યું હતું.